શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

।। सुयं मे आउसं ।।

વિક્રમ સંવત ૨૦૭૮ • વર્ષ-૬ • અંક-૧ • જૂન ૨૦૨૨

## હસ્તપ્રતો - શાશ્વત જ્ઞાનનો વારસો

**- વૈરાગ્યરતિવિજય**

વિશ્વમાં સેંકડો ધર્મ અને હજારો સંપ્રદાયો છે. દરેક ધર્મ કે સંપ્રદાયની માન્યતા જુદી જુદી છે. કોઇ મૂર્તિને માને છે, કોઇ શબ્દને માને છે, કોઇ નિરાકારના ઉપાસક છે, કોઇ સાકારના ઉપાસક છે. જે ધર્મ મૂર્તિ નથી માનતો તે પણ પોથીને તો માને જ છે. ભારત દેશ શરુઆતથી જ પોથી પૂજક રહ્યો છે. અહીં ભગવાન પછી સહુથી ઉંચો દરજ્જો પોથીનો છે. આસામથી અમૃતસર સુધી અને શ્રીનગરથી શ્રીલંકા સુધી પોથીપૂજાનું વિશિષ્ટ મહત્ત્વ છે. દરેક ધર્મ અને સંપ્રદાય પોથીને ભગવાન જેટલી જ પૂજ્ય માને છે. કેવળ ભણેલા લોકો જ પોથીની પૂજા કરે છે એવું નથી, અભણ માણસ પણ પોથીની પૂજા કરે છે.



ભારતીય ચિંતનપરંપરા એમ કહે છે કે- મૂર્તિ ધ્યાનપરંપરાની વાહક છે અને પોથી જ્ઞાનપરંપરાની વાહક છે. મૂર્તિમાં ધ્યાનનાં નિગૂઢ રહસ્યો છૂપાયા છે તો પોથીમાં વિશ્વના સર્વોત્તમ સત્ય છૂપાયાં છે. પોથીમાં શાશ્વત જ્ઞાનનો વારસો જળવાયેલો છે સાથે જ વૈજ્ઞાનિક તથ્યો પણ સચવાયેલા છે. પોથીમાં ભૂલાઇ ગયેલા અક્ષરો પણ છે અને તત્કાલીન સમાજ વ્યવસ્થાનું પ્રતિબિંબ પણ છે.

મૂર્તિ બોલતી નથી, પોથી બોલે છે. મૂર્તિ મૌન શીખવે છે તો પોથી ભાષા શીખવે છે. પોથી પોતાની સાથે અક્ષરોના માધ્યમથી લિપિનો ઇતિહાસ લઇને આવે છે. અર્થના માધ્યમે ભાષાનો ઇતિહાસ લઇને આવે છે. વિષયના માધ્યમે વિદ્યાશાખાનો ઇતિહાસ લઇને આવે છે. ચિત્ર અને સુશોભનના માધ્યમે કળાનો ઇતિહાસ લઇને આવે છે. માટે જ ભારત દેશમાં પોથી ભગવાનની જેમ પૂજાય છે.

ભારતના ઇશાન પ્રદેશમાં બ્રહ્મપુત્ર નદની વચ્ચે મજુલી નામનો એક નાનો દ્વીપ છે. ત્યાં એક સત્ર (વૈષ્ણવ મઠ) છે. તેમાં નાની માનવજાતિ રહે છે. તેઓ પૂજારી છે. તેમાંના કેટલાક સંગીત જાણે છે. કેટલાક કાષ્ઠકળાના માહિર છે. આજે એકવીસમી સદીમાં પણ તેઓ પાંચસો વરસ પહેલાના પરિવેશ જેવું સાદું જીવન જીવે છે. આખું વરસ તેમની ચોમેર વાંસના વૃક્ષોની હરિયાળી છવાયેલી હોય છે. શહેરોની જેમ અહીં સમય દોડતો નથી. અહીંના લોકો મોટો ભાગે સફેદ વસ્ત્રો પહેરે છે. તેમનાં કપાળ તિલકથી શોભતા હોય છે.


મજુલી દ્વીપ


સત્રની વચોવચ એક નામઘર છે. અહીં સમૂહમાં કે વ્યક્તિગત પૂજા થાય છે. નામઘરની બાંધણી તદ્દન સાદી હોય છે. એક છાપરું અને લીંપણ કરેલી જમીન. નામઘરમાં ચિત્ર કે મૂર્તિ હોતા નથી. બારણાની બરોબર સામે ભીંતને અઢેલીને એક મોટી લાકડાની પેટી હોય છે. તેમાં ભાગવતપુરાણની પોથી હોય છે. ભાગવતપુરાણ વૈષ્ણવોનું સહુથી પવિત્ર શાસ્ત્ર છે. આ પોથીને તેઓ દુનિયાની તમામ વસ્તુ કરતા મહત્ત્વની માને છે. આ પોથી રોજ ઉઘાડવામાં નથી આવતી. માં પ્રવેશતાવેંત દરેક જણ આ પેટીને જમીન પર માથું ટેકવી નમસ્કાર કરે છે. આ સિવાય બીજી કોઇ પૂજા થતી નથી. નામઘરમાં આખો સમાજ એકઠો થાય છે. આખો દિવસ લોકો અહીં આવતા રહે છે. ધૂન ચાલતી રહે છે. સંગીત વાગતું રહે છે. નામઘરમાં ભાગવતપુરાણની પોથીની બીજી નકલ હોય છે જે રોજ ખુલે છે. તેને ચોકી પર મુકવામાં આવે છે. ચોકીની આજુબાજુ તેલના દીવા મુકેલા હોય છે. મુખ્ય પૂજારી એક પાનું ઉપાડે છે. તેને આંખો પર અને કપાળ પર અડાડે છે. એક મુખ્ય પૂજારી ધોતિયું પહેરીને જમીન પર બેસે છે. અને રાગમાં ભાગવતપુરાણના શ્લોકોનું પઠન-ગાન કરે છે. ઉપસ્થિત શ્રોતાઓ શાંતિથી ધ્યાનપૂર્વક શ્લોક સાંભળે છે. વાંચન પૂરું થાય પછી ફરી ઊભા થઇ શરીર ઝુકાવીને માથું જમીન પર અડાડીને નમસ્કાર કરી સહુ વિદાય લે છે.


નામ ઘર

વર્તમાન ભારતના વાયવ્ય ખૂણે પંજાબ પ્રાંતમાં અમૃતસરમાં છે. આખું મંદિર વિશાળ જળાશય પર બાંધવામાં આવ્યું છે અને તેને સોનાનાં પતરાંથી મઢવામાં આવ્યું છે. શીખ સંપ્રદાયનું સહુથી વધુ પવિત્ર ગુરુદ્વારા છે. શીખ પંથના દશ ગુરુઓની વાણીનો સંગ્રહ અહીં સચવાયેલો છે. તેને કહે છે. શીખો તેને જ ભગવાન માનીને પૂજે છે. ગુરુદ્વારામાં આખો દિવસ કીર્તન ચાલ્યા કરે છે. રાત્રે તે પવિત્ર ગ્રંથને શણગારેલા વસ્ત્રથી ઢાંકવામાં આવે છે. તેને પહેલા પાલખીમાં પછી સિંહાસનમાં પધરાવવામાં આવે છે. તેને માથે ચઢાવી સુવર્ણમંદિરની પરિક્રમા કરાવવામાં આવે છે. પરિક્રમાનો માર્ગ પાણીથી સાફ કરવામાં આવે છે. આ શોભાયાત્રા અકાલ તખ્ત પહોંચે છે. ત્યાં ગુરુગ્રંથ સાહિબ રાત્રિ વિશ્રામ કરે છે. બીજે દિવસે સવારે અકાલ તખ્તથી એ જ રીતે સુવર્ણમંદિર પધરાવવામાં આવે છે. ત્યાં તેની ઉપર શણગારેલું વસ્ત્ર અનાવૃત કરવામાં આવે છે. શીખો એવું માને છે કે તેનો પ્રકાશ જગતમાં અજવાળું પાથરે છે. ગુરુ ગ્રંથ સાહિબને મુકીને કપાળ જમીનને અડે એ રીતે પ્રણામ કરવામાં આવે છે. ગ્રંથ સાહિબને પીઠ ન થાય એ રીતે પાછલા પગે વિદાય લેવાની હોય છે.


સુવર્ણમંદિર

પંજાબમાં સમર્પિત શીખ પરિવારના ઘરના ખૂણામાં નાનકડું મંદિર હોય છે જેને તેઓ ગુરુદ્વાર કહે છે. તેમાં ગુરુ ગ્રંથ સાહિબ વિરાજિત કરવામાં આવે છે. પરિવારના દિવસની શરુઆત ગુરુ ગ્રંથ સાહિબના પૂજનથી થાય છે.


ગુરુ ગ્રંથ સાહિબ

ભારતના લગભગ દરેક પ્રાંતમાં અષાઢ સુદ પૂનમ ગુરુપૂર્ણિમા રૂપે ઉજવવામાં આવે છે. આ દિવસને વ્યાસપૂર્ણિમા પણ કહે છે. હિંદુ પરંપરામાં કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ અઢાર પુરાણ અને મહાભારતના રચયિતા છે. તેમની સ્મૃતિ માટે ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુનો આશીર્વાદ લેવાની

પરંપરા છે. આ દિવસે અલગ-અલગ શાસ્ત્રની પોથી શણગારીને બાજઠ પર પધરાવાય છે. ભક્તો ભજન અને ધૂન ગાય છે. જે રીતે મૂર્તિની પૂજા થાય તેમ ગ્રંથની પૂજા થાય છે. ગ્રંથને કેસરનું તિલક કરવામાં આવે છે.

બંગાળમાં દર વરસે માગસર સુદ પૂનમના પૂજા થાય છે. હાથમાં પોથી ધરાવતી સરસ્વતીની મૂર્તિને પલાશના પુષ્પોથી શણગારવામાં આવે છે. લોકો ભેગા થઇને સરસ્વતીની પૂજા કરે છે. સરસ્વતીને પુસ્તક, વાજિંત્ર, માટીનો ખડિયો, કલમ ધરવામાં આવે છે. બાળકોને પહેલો અક્ષર લખવા માટે આ દિવસ અત્યંત પવિત્ર માનવામાં આવે છે.


સરસ્વતીમાતા

શ્વેતાંબર જૈન પરંપરામાં કારતક સુદ પાંચમ જ્ઞાનપંચમી પર્વ રૂપે ઉજવાય છે. એ દિવસે પવિત્ર ગ્રંથો સંગ્રહમાંથી બહાર કાઢવામાં આવે છે. તેને લાકડાંના સાપડાં ઉપર મૂકવામાં આવે છે. તેની સમક્ષ સ્તુતિ-સ્તવન કરવામાં આવે છે. જ્ઞાન સમક્ષ લખવાના પત્ર, કલમ, સ્યાહી, પટ્ટી, ઓળિયું, પાટી, પોથી, ઠવણી, સાપડાં જેવા જ્ઞાનનાં ઉપકરણો ધરવામાં આવે છે. ઉપરાંત ચોખા, ફળ, નૈવેદ્ય પણ ધરવામાં આવે છે.

દિગંબર જૈન પરંપરામાં જેઠ સુદ પાંચમ શ્રુતપંચમી તરીકે ઉજવાય છે. આ દિવસે જિનવાણીની પૂજા થાય છે. દિવાળીના દિવસોમાં પણ જિનવાણીની પૂજા થાય છે.

ભારતમાં પોથીપૂજા કેવળ જ્ઞાનપ્રાપ્તિનો સ્રોત ન હતી પણ ધાર્મિક વિધિનો એક મહત્ત્વનું અંગ હતી. જીવનશૈલીમાં અવિભાજ્ય અંગ રૂપે વણાઇ ગઈ હતી. પોથી લખનારાઓની પરંપરા હતી. ભારતમાં પોથીપૂજાની આ પરંપરા અતિપ્રાચીન છે. પોથી લખવાની પરંપરા પણ અતિપ્રાચીન છે. પોથીઓને સાચવવાની પરંપરા પણ અતિપ્રાચીન છે.

ભારતીય ઉપમહાદ્વીપમાં ભૌગોલિક દૃષ્ટિએ હસ્તપ્રતોનું ક્ષેત્ર ઉત્તરમાં હિમાલયથી દક્ષિણમાં શ્રીલંકા સુધી છે. પશ્ચિમમાં અફઘાનિસ્તાનથી લઇને ઇંડોનેશિયા સુધી છે. પાકિસ્તાન, નેપાળ, તિબેટ, બાંગ્લાદેશ, ચીનનો પશ્ચિમ ભાગ (જિંન ઝેંન) નો સમાવેશ પણ ભારતમાં થાય છે. હસ્તપ્રત અને લેખન પરંપરા આ પ્રદેશોમાં સમાન હતી. રાષ્ટ્રીય પાંડુલિપિ પ્રતિષ્ઠાને (દિલ્હી) કરેલા સર્વેક્ષણ પ્રમાણે ભારતમાં દોઢ કરોડ હસ્તપ્રતો છે, અને તેમના માહિતી સંગ્રહ (Database) માં એક કરોડ પ્રતો નોંધાઇ છે. પ્રોફેસર ડેવિડ પ્રિંગ્રી (David Pingree) નામના વિદ્વાને આખું જીવન ભારતની હસ્તપ્રતોના અભ્યાસમાં વીતાવ્યું હતું. તેમના અંદાજ પ્રમાણે ભારતના જાહેર હસ્તપ્રત સંગ્રહાલય અને અંગત સંગ્રહોને એકઠા કરીએ તો ભારતમાં લગભગ ત્રણ કરોડ જેટલી હસ્તપ્રતો છે. આ આંકડો આમ જોઇએ તો ઘણો મોટો લાગે પણ ભારતના હસ્તપ્રત સંગ્રહોની માહિતી એકઠી કરીએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ નહીં જણાય. જૈન હસ્તપ્રત સંગ્રહોનું જ ઉદાહરણ લઇએ તો કોબામાં લગભગ અઢી લાખ (૨.૫૦) હસ્તપ્રતો છે. લા. દ. સંસ્કૃતિ વિદ્યામંદિરમાં એક લાખથી વધુ હસ્તપ્રતો છે. બીકાનેરમાં વ્યક્તિગત સંગ્રહમાં નવ ભંડારો છે તેમાં લગભગ દોઢથી બે લાખ હસ્તપ્રતો છે. બનારસની સરસ્વતી ભવન લાયબ્રેરીમાં એક લાખ હસ્તપ્રતો છે. દિલ્હીના વિવિધ સંગ્રહોમાં પંચ્યાસી હજાર હસ્તપ્રતો છે. તંજાવરની સરસ્વતી મહલ લાયબ્રેરીમાં પચાસ હજાર હસ્તપ્રતો છે. આ તો અતિપ્રસિદ્ધ સંગ્રહોના આંકડા છે. જેની જાણકારી ન હોય તેવા સંગ્રહોના આંકડા ઘણા મોટા હોઇ શકે. ઇ. સ. ૨૦૦૪-૨૦૦૫માં રાષ્ટ્રિય પાંડુલિપિ મિશને (NMM) એક વરસ માટે સર્વેક્ષણનો પાયલોટ પ્રકલ્પ આદર્યો હતો. બિહાર, ઉત્તરપ્રદેશ અને ઓરિસ્સામાં હસ્તપ્રતોનું સર્વેક્ષણ થયું. તેની ઉપલક માહિતી મુજબ નાના-મોટા પાંત્રીસ હજાર (૩૫૦૦૦) હસ્તપ્રત સંગ્રહો મળ્યા. અને


પ્રો. ડેવિડ પિન્ગ્રી

राष्ट्रीय पाण्डुलिपि मिशन
॥ विज्ञानमुपास्व ॥
National Mission for Manuscripts

તેનાં સાડા છ લાખ (૬.૫૦ લાખ) હસ્તપ્રતોની માહિતી મળી. જૂના સમયમાં રાજા-મહારાજાઓ પોતાના વ્યક્તિગત સંગ્રહમાં હસ્તપ્રતો રાખતા. તેમની હસ્તપ્રતોની જાણકારી જવલ્લે જ બહાર આવી છે. ગામડાઓમાં બ્રાહ્મણ પરિવારોના ઘરમાં હસ્તપ્રતસંગ્રહ રહેતો. સંસ્કૃત પાઠશાળાઓમાં હસ્તપ્રતોનો સંગ્રહ રહેતો. આ સંગ્રહમાં એક પાનાથી લઇને હજાર પાનાં સુધીની હસ્તપ્રતો સચવાતી. વિદ્યાની તમામ શાખાઓના વિષયોના અભ્યાસગ્રંથો આ હસ્તપ્રતોમાં લખાયા છે. તર્ક, દર્શન, આયુર્વેદ ચિકિત્સા, ભાષાશાસ્ત્ર, કાયદા, ગણિત, યોગ, તંત્ર, રહસ્ય, ધર્મ, કાવ્ય, નાટક, સાહિત્ય, ભૂગોલ, ખગોળ, અર્થ, કામ જેવા તમામ વિષયોનું વિસ્તૃત જ્ઞાન આ હસ્તપ્રતોમાં લખાયું છે. હજારો વર્ષમાં ભારત દેશ જે જ્ઞાનની શિખર પર હતો. આ જ્ઞાન છેલ્લા અઢી હજાર વરસમાં આ હસ્તપ્રતો દ્વારા પ્રવાહિત થતું રહ્યું છે.

ભારતીય ઉપખંડમાં હસ્તપ્રતોનો આટલો વિશાળ સંગ્રહ હતો, તેને સાચવવાની સુદીર્ઘ પરંપરા હતી. હસ્તપ્રતોને ભગવાન માનીને સાચવવામાં આવતી. જેમ ભગવાનની મૂર્તિ મંદિર જેવી પવિત્ર જગ્યામાં રાખવામાં આવતી તેમ પોથી સરસ્વતી મંદિરોમાં સાચવવામાં આવતી. વિક્રમની અઢારમી સદી સુધી આ પરંપરા અખંડ રીતે ચાલી. ઇસ્લામના આક્રમણે અનેક હસ્તપ્રતભંડારો નાશ પામ્યા, અંગ્રેજોના આકર્ષણને કારણે અનેક હસ્તપ્રતો વિદેશમાં જતી રહી. તેમ છતાં અઢારમી સદી સુધી હસ્તપ્રતો જળવાતી રહી. ત્યાર પછી આ પરંપરાનો વિલોપ થવા માંડ્યો. તેનાં મુખ્ય બે કારણ ગણી શકાય. એક, સામાજિક પરિવેશનું પરિવર્તન. ઉદ્યોગ યુગ આવ્યા પછી શિક્ષાની દિશા બદલાઇ ગઇ, શિક્ષાપદ્ધતિ બદલાઇ ગઇ. તેને કારણે જ્ઞાન, ભાષા અને હસ્તપ્રતો કાલાતીત (Out of Date) થવા લાગ્યા. બીજી બાજુ મુદ્રણ કળાનો વિકાસ થયો તેથી લિપિકારોની વંશપરંપરા બેકાર બનીને અન્ય વ્યવસાય તરફ વળી ગઇ. નવી પ્રતો લખાતી લગભગ બંદ થઇ ગઇ. મુદ્રિત આવૃત્તિ ઉપલબ્ધ થવાથી હસ્તલિખિત પ્રતની ઉપયોગિતા શૂન્ય થઇ ગઇ. આમ, હસ્તપ્રતોની પરંપરા વિલોપ થવા માંડી. આમ તો આ પરંપરા મુગલ સામ્રાજ્ય કાળમાં જ વિલોપ થવા માંડી હતી. એક જાડા અંદાજ મુજબ છેલ્લી બે સદીમાં દર અઠવાડિયે સરેરાશ ૧૦૦ થી વધુ હસ્તપ્રતો નાશ પામતી રહી છે.



હસ્તપ્રતોને સાચવવાની પરંપરા જીવિત રાખવામાં શ્રમણ પરંપરાનો બહુ મોટો ફાળો છે. શ્રમણ પરંપરામાં જૈન, બૌદ્ધ અને ગોશાળાના સ્થાપેલ આજીવક પરંપરાનો સમાવેશ થાય છે. આ ત્રણેય પરંપરાના શ્રમણો ચાતુર્માસમાં એક સ્થાને સ્થિરતા કરતા. ત્યાં સ્વાધ્યાય માટે ગ્રંથોનો સંગ્રહ કરતા. ભારતીય ઉપખંડમાં આવા હજારો વસતિઓ, વિહારો, મઠો હતા. તેમાં સેંકડોની સંખ્યામાં હસ્તપ્રતો રહેતી, આ ઉપરાંત આ પરંપરામાં વિદ્યાપીઠ પ્રચલિત હતી. નાલંદા (બિહાર) વલ્લભી (ગુજરાત), જગદલ્લા (બંગાલ), ઓદંતપુરી (બિહાર), સોમપુરા (બાંગ્લાદેશ) જેવી વિશ્વની શ્રેષ્ઠતમ વિદ્યાપીઠોમાં હસ્તપ્રતોનો વિશાળ સંગ્રહ રહેતો. ચીની યાત્રી હ્યાન-ત્સંગે નોધ્યું છે કે સાતમી સદીના મધ્ય ભાગમાં લગભગ બે લાખ જેટલા બૌદ્ધ ભિક્ષુઓ ભારતીય વિદ્યાશાખાઓનું અધ્યયન કરતા હતા.

ઉપલબ્ધ ઇતિહાસમાં જૈન શ્રમણોના પ્રદાનનો ઉલ્લેખ ઓછો મળે છે પણ એ હકિકત છે કે જૈન શ્રમણોએ હસ્તપ્રત સંગ્રહની લાંબી શૃંખલા (Network) બનાવી હતી. નાલંદામાં પણ જૈન શ્રમણો અધ્યયન કરતા હતા પણ આધુનિક ઇતિહાસમાં તેમની નોંધ બૌદ્ધ ભિક્ખુ તરીકે જ થઇ ગઇ.

જૈન શ્રમણો જાતે હસ્તપ્રત લખતા, લખાવતા અને તેનો સંગ્રહ કરવા માટે ગૃહસ્થોને સરસ્વતી ભંડાર, ચિત્કોષ, સિદ્ધાંત સંગ્રહ સ્થાપવાની પ્રેરણા કરતા તેમાં હસ્તપ્રતો સ્વયં સાચવતા, શ્રમણીઓનો પણ તેમાં બહુ મોટો ફાળો રહેતો. હસ્તપ્રત લખવાની અને સાચવવાની તીવ્ર કાળજીને કારણે આજે અન્ય ધાર્મિક સંસ્થાઓ કે પાઠશાળા કરતા જૈન સંઘની નિશ્રામાં રહેલ હસ્તપ્રત સંગ્રહોની સાચવણી ચઢિયાતી છે. માનવીય બેદરકારીને કારણે હસ્તપ્રતો નાશ પામવાની ઘટના જૈન હસ્તપ્રત ભંડારોમાં બહુ ઓછી દેખાય છે. આ જ કારણે જૈન હસ્તપ્રત ભંડારોમાં વધુ હસ્તપ્રતો સચવાઇ હોવાનું દેખાઇ આવે છે.

બારમી સદીમાં મોહમ્મદ લક્ષ્યાર ખિલજીએ મોટા ભાગના બૌદ્ધ મઠો અને

વિદ્યાપીઠોનો વિધ્વંસ કરી નાંખ્યો. વૈદિક અને બૌદ્ધ હસ્તપ્રતોના વિનાશની તુલનામાં જૈન હસ્તપ્રતસંગ્રહો કંઇક સુરક્ષિત રહ્યા. મહારાજા કુમારપાળ અને મંત્રીશ્વર વસ્તુપાલ, મંત્રી પેથડ શાહ, સંગ્રામસિંહ સોની, આભૂ શેઠ જેવા જૈન રાજા, મંત્રી અને શ્રેષ્ઠિઓએ સ્થાપેલા સિદ્ધાંત કોષોનો ઇસ્લામી આક્રાંતાઓએ નાશ કર્યો. તેમ છતાં આજે જૈન આચાર્ય ભગવંતોની દીર્ઘદર્શિતા, સમર્પણ અને શ્રુતનિષ્ઠાના પ્રતાપે ઘણા જૈન હસ્તપ્રતભંડારો સારી અવસ્થામાં જોવા મળે છે.



મુદ્રણ યુગ આવ્યા પછી પણ જૈન શ્રમણોએ હસ્તપ્રતોને લખવા-લખાવવાની પરંપરાનો ત્યાગ નથી કર્યો. બીજે સ્થળે હસ્તપ્રત લેખનની પરંપરા અઢારમી સદીમાં જ સમાપ્ત થઇ ગઇ અને ઓગણીસમી સદીમાં તો હસ્તપ્રત લેખન ભૂલાઇ જ ગયું, પણ જૈન શ્રમણોના લેખન પ્રત્યેના વિશ્વાસને કારણે આજે પણ હસ્તપ્રત લખાવવાની પરંપરા ટકી રહી છે. આ. શ્રી વિજયઉમેદસૂરિજી મહારાજ, આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મ.(કાશીવાલા), આચાર્ય શ્રી વિજયકમલસૂરિજી મહારાજ, આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિજી મહારાજ, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મ., આચાર્ય શ્રી આનંદસાગરસૂરિજી મ. જેવા સમર્થ આચાર્ય ભગવંતો પણ હસ્તપ્રત લખાવવામાં રસ લેતા હતા. (આ સિવાય પણ અનેક નામ હશે જેનો આ લેખકને ખ્યાલ નહીં હોય)

વર્તમાનમાં આચાર્યશ્રી આગમચંદ્રસાગરસૂરિજી મ., આ. શ્રી વિજયરત્નાચલસૂરિજી મ., આ. શ્રી વિજયકીર્તિયશસૂરિજી મ. તાડપત્ર પર પ્રતો લખાવે છે.

મુગલ કાળમાં વિનાશ થવાની બીકે જૈન જ્ઞાનભંડારો કે હસ્તપ્રતોની વિગતો જાહેર કરાતી ન હતી. જૈન જ્ઞાનભંડારોમાં કેવળ જૈન સાધુઓને જ પ્રવેશ મળતો. જૈન વિદ્વાનોને તત્કાલીન સંસ્કૃતિ અને દર્શનમાં ખૂબ રસ હતો તેથી તેમણે જૈનેતર ગ્રંથોને પણ લખાવ્યા અને સાચવ્યા. આજે જૈન હસ્તપ્રત જ્ઞાનભંડારોનું મહત્ત્વ જૈન ગ્રંથ સંપદાના કારણે તો છે જ સાથોસાથ ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યની દૃષ્ટિએ પણ છે.

હસ્તપ્રતોનો આટલો વિશાળ અને વૈવિધ્યસભર વારસો ધરાવવા છતાં પણ ભારતમાં હસ્તપ્રતો માટે કામ કરતી સંસ્થાઓ બહુ જૂજ છે. હસ્તપ્રતો સંગ્રહ ધરાવતી સંસ્થાઓ સેંકડો છે, પણ તેની પદ્ધતિસર સાચવણી કરનારી, વ્યવસ્થિત સૂચિપત્ર ધરાવતી, વિદ્વાન અને સંશોધક વ્યક્તિને તેની નકલ કરીને આપવાની ઉદારતા ધરાવનારી સંસ્થાઓ ઓછી છે. તેમાં પણ હસ્તપ્રતોના આધારે ગ્રંથોનું સંશોધન કરનારી, શોધપરક સામગ્રી તૈયાર કરનારી સંસ્થા એક આંગળીના વેઢા પર ગણી શકાય તેટલી છે.

ઇ. સ. ૧૯૮૩ માં તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપેયી સરકારે હસ્તપ્રતોના વારસાને સુરક્ષિત કરવાના શુભાશય સાથે રાષ્ટ્રિય પાંડુલિપિ મિશનની સ્થાપના કરી પરંતુ તે પણ અપર્યાપ્ત છે. વ્યક્તિગત કે શૈક્ષણિક સંસ્થાનોનું પ્રમાણ પણ નહીંવત્ છે. જે છે તેનું ક્ષેત્ર અતિમર્યાદિત છે. ભારતીય હસ્તપ્રત માટે સર્વગ્રાહી અને સમગ્રતયા કામ કરે તેવી કોઇ સંસ્થા નથી.

જૈન સંઘ પાસે વિશ્વનો સહુથી મોટો હસ્તપ્રતસંગ્રહ છે તે વિવિધ સંઘો કે સંસ્થાઓમાં વહેંચાયેલો છે. હસ્તપ્રતની મહત્તાનું જ્ઞાન ન હોવાથી તેની સાચવણી બરાબર થતી નથી. આગ્રહને કારણે આ પ્રતો કોઇને મળતી પણ નથી. કમનસીબ એ છે કે ભારતભરમાં ફેલાયેલા જૈન સંઘોમાં કેટલા હસ્તપ્રતભંડારો છે? દરેક ભંડારમાં કેટલી હસ્તપ્રતો છે? તેનું સૂચિપત્ર છે કે નહીં? છે તો પ્રામાણિક છે કે નહીં? આવી જાણકારી કોઇને નથી. વધુ દુઃખની વાત એ છે કે- આવી જાણકારી હોવી જોઇએ તેની જરુરત પણ કોઇને લાગતી નથી. દરેક રીતે સંપન્ન જૈન સંઘ માટે આવા મહાનતમ જ્ઞાનવારસાની સુરક્ષા કરવાની દૃષ્ટિ કે ખેવના ન હોય તેથી વધુ દુઃખદ બીજું શું હોઇ શકે?

ઇસ્લામ પરંપરાએ તેમની હસ્તપ્રતોને સાચવવા માટે ઇસ્લામિક મેન્યુસ્ક્રીપ્ટ એસોશિએશનની સ્થાપના કરી છે.

THE ISLAMIC MANUSCRIPT ASSOCIATION

આ સંસ્થાન વિશ્વભરમાં ફેલાયેલી ઇસ્લામિક હસ્તપ્રતોને સાચવવામાં મદદ કરે છે અને જે ઇસ્લામિક હસ્તપ્રતોનું સંશોધન કરવા ચાહતા હોય તેમને તમામ પ્રકારની સહાય કરે છે. જે લાયબ્રેરીમાં ઇસ્લામિક હસ્તપ્રત હોય, મ્યુઝિયમમાં હોય કે વ્યક્તિ પાસે હોય તે દરેકને એસોશિએશન સભ્ય બનાવે છે. પચીસ વિવિધ દેશોના ૭૦૦ વ્યક્તિ કે સંસ્થાઓ તેના સભ્યો છે. ભારતમાં રાષ્ટ્રિય પાંડુલિપિ મિશન ઉપરાંત બીજી પાંચ સંસ્થા તેની સભ્ય છે. સભ્યને મત આપવાનો, ઓફિસ ખોલવાનો, અનુદાન માટે અરજી કરવાનો અને દર છ મહિને ભરાતી સભા (કોન્ફરન્સ) અને પ્રશિક્ષણ વર્ગમાં ભાગ લેવાનો અધિકાર છે. યુનિવર્સીટી ઑફ કેંબ્રિજના પ્રિંસ અલાઉદ્દીન બિન તલાલ ઇસ્લામિક સ્ટડી સેંટર સાથે તેનું એફીલીએશન છે.

યુરોપમાં હસ્તપ્રતોના મધ્યકાલીન ઇતિહાસ અને સંસ્કૃતિના અભ્યાસ ચાલે છે. યુરોપની હસ્તપ્રતોમાં બાઇબલમાં કહેલી વાતો કેટલી વૈજ્ઞાનિક છે તે બાબતના સંશોધન થતા રહે છે. તેને અનુદાન ચર્ચ તરફથી મળે છે.

ભારતમાં ભારતીય હસ્તપ્રતો માટે આવી કોઇ સર્વસમાવેશક સંસ્થા નથી. જૈન સંઘ પાસે પણ આવી સંસ્થા નથી, આવી સંસ્થા હોવી જોઇએ તેવી દૃષ્ટિ પણ નથી. સરવાળે હસ્પપ્રતોમાં છૂપાયેલો શાશ્વત જ્ઞાનનો વારસો વિલોપનના આરે આવી ઊભો છે. સતત ઘોર ઉપેક્ષા આમ જ ચાલી તો બચેલી હસ્તપ્રતોને વાંચનાર કોઇ બચ્યું નહીં હોય.

આજે વિશ્વ સંક્રાંતિના કાળમાંથી પસાર થઇ રહ્યું છે. પૃથ્વી ઉપર મનુષ્ય અને અન્ય પ્રજાતિઓના અસ્તિત્વ સામે સહુથી મોટા ખતરા ઊભા થઇ રહ્યા છે. તેમાંથી મનુષ્ય જાતિને બચાવે તેવું જીવંત જ્ઞાન ભારતની હસ્તપ્રતોમાં સચવાયું છે. વિદ્વાનો સંશોધકો અને જિજ્ઞાસુઓને તે ઉપલબ્ધ થાય તે આજના સમયની માંગ છે.

જૈન સંઘ આ શાશ્વત જ્ઞાનના વારસાને જગતના હિતને અને કલ્યાણને માટે ઉપયોગ કરીને વિશ્વગુરુ બની શકે તેમ છે, કેમ કે હસ્તપ્રતોની સંખ્યા, ગુણવત્તા અને વૈવિધ્યની દૃષ્ટિએ જૈન સંઘ સર્વોપરિ છે. દૂરગામી દૃષ્ટિ, કુશળ આયોજન અને સંસાધનોની ઉપલબ્ધિ થાય તો હસ્તપ્રતો આ શાશ્વત જ્ઞાનના વારસાને પ્રવાહિત કરવા સક્ષમ છે. સકલ શ્રી સંઘનું શીર્ષસ્થ નેતૃત્વ આ માટે આગેવાની લે તો જિનશાસનનો સોનેરી સૂરજ આખા વિશ્વને પ્રકાશિત કરે એ દિવસો દૂર નથી.

## સમાચાર

- લુલ્લાનગર વિસ્તારમાં નવનિર્મિત આઇકોન સોસાયટીમાં શ્રી પુખરાજજી કાસટિયા પરિવાર દ્વારા નિર્માણાધીન શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલયનું ખનન ૧૨/૧૨/૨૦૨૧ના દિવસે અને શિલાસ્થાપન ૨૩/૦૧/૨૦૨૨ના દિવસે સંપન્ન થયું.
- તા. ૦૩/૦૩/૨૦૨૨ના દિવસે આગમમંદિર, કાત્રજમાં સંઘ સ્થવિર ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ દોલતસાગરસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં **જૈનજ્ઞાનભંડારોનો ઇતિહાસ** (સંપાદક-મુ.શ્રી હિતાર્થરત્નવિ.) પુસ્તકનું વિમોચન થયું. મુનિ પ્રશમરતિવિજયજી મ.સા.ના આનંદ અંગ અંગ જાગ્યોનું પણ વિમોચન થયું.
- તા. ૧૪/૦૪/૨૦૨૨ના દિવસે શ્રુતભવનમાં શ્રી મહાવીરસ્વામી જન્મકલ્યાણકના પાવન અવસરે નવા અભ્યાસ વર્ગનો પ્રારંભ તથા નવી ઓફિસનું ઉદ્ઘાટન થયું.

## ચાતુર્માસ સ્થળ અને સંપર્કસૂત્ર

**પૂજ્ય ગણિવર શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.સા.**
શ્રુતભવન સંશોધન કેંદ્ર, ૪૭/૪૮, અચલ ફાર્મ, સચ્ચાઈ માતા મંદિરની પાસે, કાત્રજ, પુણે-૪૧૧૦૪૬. સંપર્ક- ૭૭૪૪૦૦૫૭૨૮

**પૂજ્ય મુનિરાજ શ્રી પ્રશમરતિવિજયજી મ.સા.**
શ્રી સ્વપ્નદેવ કેશરિયા પાર્શ્વનાથ જૈન શ્વે. તીર્થ ભદ્રાવતી, રેલવે સ્ટેશન, ભાંદક, જિ. ચંદ્રપુર-૪૪૨૯૦૨ સંપર્ક- ૦૭૧૭૫-૨૬૬૦૩૦

**પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજી મ.સા. આદિ**
વિઠ્ઠલ નિવાસ, અચલ ફાર્મ, કાત્રજ, પુણે-૪૧૧૦૪૬.
સંપર્ક- ૭૭૪૪૦૦૫૭૨૮

## કાર્યવિવરણ

શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત **લોકપ્રકાશ, પ્રવચનવિચારસાર, પં. શ્રી નેમકુશલજી મ.સા. કૃતિ સંપાદન** અને **ઉપદેશશત સહ અવચૂરિ**નું સંપાદન કાર્ય ચાલુ છે. પૂ. સા. શ્રી **મધુરહંસાશ્રીજી** મ. **આત્મશિક્ષા**નું લિપ્યંતર કરે છે. પૂ. સા. શ્રી. **ધન્યહંસાશ્રીજી** મ. **સમ્યક્ત્વ સપ્તતિકા સહ અવચૂરિ**નું લિપ્યંતર કરે છે. અભ્યાસ વર્ગ પ્રકલ્પમાં નવી ૭ કૃતિઓનું લિપ્યંતર ચાલુ છે.

વર્ધમાન **જિનરત્નકોશ** પ્રકલ્પ અંતર્ગત પૂ. આ. શ્રી **મુનિચંદ્રસૂ.** મ.સા., પૂ. આ. શ્રી **અજિતચંદ્રસાગર** મ.સા., પૂ. આ. શ્રી **યશોરત્નસૂ.** મ.સા, પૂ. મુ. શ્રી **વંદનરુચિવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **ક્ષેમરત્નવિ.** મ.સા., પૂ. મુ. શ્રી **નીરજ મુનિજી** મ.સા., પૂ. સા. શ્રી **સંબોધિજી** મ.સા., ડૉ. **જિતેંદ્ર શાહ, ડૉ. ગોમટેશ્વર પાટીલ, રવિના ગજભિયે** (પી. એચ. ડી.) તથા શ્રી **મહેંદ્રભાઈ જૈન** (અમદાવાદ)ને હસ્તપ્રતસંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો. વિવિધ ભંડારોનું સ્કેનિંગ સંપન્ન થયું.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની નામાવલી

- કમલા એજ્યુકેશન સોસાયટી, ચિંચવડ, પુણે
- શ્રી દેવીચંદજી કેશરીમલજી જૈન, પુણે
- શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂ. સંઘ, ઘાટકોપર, મુંબઈ
- શ્રી અભયજી શ્રીશ્રીમાળ (અભૂષા ફાઉંડેશન), ચેન્નઈ
- શ્રી કિરીટભાઈ સુંદરલાલ શેઠ, પુણે
- શ્રી નલિનકાંત જીવતલાલ દલાલ, પુણે
- શ્રી મુલુંડ શ્વે. મૂ. જૈન સંઘ એંડ ચેરિટીઝ, મુલુંડ, મુંબઈ
- શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ, અમદાવાદ
- શ્રી હસમુખલાલ ચુનિલાલ મોદી ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ
- શ્રી રતનજી જીવરાજજી મેડતિયા, પુણે
- સ્વ. શ્રી પી. કે. શ્રૉફ ટ્રસ્ટ, પુણે
- શ્રી કીર્તિકુમાર ધરમચંદ ઓસવાલ
- શ્રી વિમલનાથસ્વામી જૈન શ્વેતાંબર ટેંપલ ટ્રસ્ટ, પુણે
- શ્રી સમી જૈન સંઘ વહિવટ ટ્રસ્ટ, સમી, પાટણ
- શ્રી ચંદ્રવદન પ્રાણલાલ દોશી
- શ્રી જૈન શ્વે. મૂ. તપગચ્છ સંઘ, ભાંડુપ, મુંબઈ
- શ્રી સુજય ગાર્ડન જૈન સંઘ, મુકુંદનગર, પુણે
- શ્રી સંદિપભાઈ જયંતીલાલ શાહ
- દેવિના ડી. ઝવેરી, સાંતાક્રુઝ, મુંબઈ
- અદિતી જૈન મંડળ
- શ્રી નિલેશભાઈ કમલેશભાઈ મેહતા, હાઈડ પાર્ક, પુણે
- શ્રી વિરેશભાઈ શશિકાંત પારેખ, પુણે
- કુસુમબેન મફતલાલ શાહ
- નિર્મલાબેન ભોગીલાલ શાહ
- નિર્મલાબેન રમણલાલ શાહ
- પુષ્પાબેન ચિમનલાલ શાહ
- પ્રભાબેન ચંદુલાલ શાહ
- માયાબેન ભરતભાઈ શાહ
- લતાબેન રમેશભાઈ બોરાના
- વસુબેન સુમતિલાલ શાહ
- શોભનાબેન જયંતીલાલ શાહ
- શ્રી અંબાલાલ મોતીલાલ શાહ
- શ્રી મોતીચંદ વિઠ્ઠલદાસ શાહ પરિવાર, ડિવાઈન સોસાયટી, પુણે
- શ્રી રમેશભાઈ મણિલાલ શાહ
- સ્મિતાબેન દિલીપકુમાર વોરા
- શ્રી સુધીરભાઈ કાપડિયા, મુંબઈ
- સૌ. કવિતાબેન રિતેશભાઈ કોઠારી, લેકટાઉન, પુણે

## સુવાક્ય

**જિમ જિમ નીચ લવઈ અણજાણિઉ, ઉત્તમ હઈડઈ નાણઈ**
**પાંન તડફડઈ વાઈ અતિઘણું, થડ નિશ્ચય નિજપ્રાણઈ ॥૧૨.૩॥**

૧૮ પાપસ્થાનક ભાસ, બ્રહ્મર્ષિ

પવન વાય તો ઝાડના પાંદડાં ઘણો અવાજ કરે પણ થડ નિશ્ચલ રહે છે. તેમ બની બનાવેલી વાતોથી દુર્જન ઘણો કોલાહલ કરે પણ ઉત્તમ પુરુષ તેને મનમાં લેતા નથી.

**Printed Matter**

**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

**To,**


**From : Shrutbhavan Research Centre**

**(Initiation of Shrutdeep Research Foundation)**

47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org



For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel

Shrutbhavan Pune